ફોજદારી કેસ નં. ૨૬૧૨–૨૦૧૨
આંકઃ૧ લગત હુકમઃ

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધું. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી. ને સાંભળ્યા.

૨. આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમઃ ૧૬૦ ........................................
મુજબના ગુનાનું ચાર્જસીટ અત્રેની કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ /વોરંટ ઈસ્યુ કરતાં, આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ...સમન્સ....પધ્ધતિથી ચલાવવાનુ હોય તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં, કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા. ૧૭/૧૦/૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલું રાખવામાં આવે તો , તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો એ.આઈ.આર.૨૦૦૨ ,૧૮૫૬ નો ચુકાદો ધ્યાને લેતાં , જે તે કોર્ટ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમઃ ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતો નહોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

આરોપી સામેના પ્રસ્તૃત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ વાહન અંગે જો કોઈ હુકમ થયો હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અને જો કોઈ હુકમ ન થયો હોય તો મુદ્દામાલ પાવતી મુજબ તેની પાસેથી કબજે કરવામાં આવેલ હોય તેની ખરાઈ કર્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

નાણાં સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

૧૦/૨/૧૮ (પી.કે.લોટીઆ )
અમદાવાદ એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ.

*એસ.બી.રાઠોડ.પી.એ.* *જી.જે.૦૦૪૮૦*